Tuesday
01.08.2023
✳Volume :8 ✳ Issue No.06
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

સાયબર અવરનેસ માટે બે સાયબર સંજીવની મોબાઈલ વાન તથા www.cybersnjivani.org કે વેબ પોર્ટલનો ગૃહરાજ્યમંત્રીના હસ્તે શુભારંભ

સુરતને સાયબર સેફ બનાવવા માટે સુરત પોલીસના સાયબર સંજીવની ૨.૦ અભિયાનનો ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રારંભ

સુરત પોલીસના પ્રયાસોથી સુરતને સાયબર સેફ શહેરની નવી નેમ ટેગ મળી: કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશ

સાયબર ક્રાઈમના ગુનાઓનું સૌથી વધુ ડિટેક્શન સુરત સાયબર ક્રાઈમ કરી રહી છે: પોલીસ કમિશનર અજયકુમાર તોમર

કમલમ્ ન્યુઝ,

સુરતને સાયબર સેફ બનાવવા અને સુરતીઓને ઓનલાઈન છેતરપીંડીથી બચાવવા માટે સુરત પોલીસના સાયબર સંજીવની ૨.૦ અભિયાનનો ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રારંભ કરવામાંઆવ્યો હતો. સાયબર અવરનેસ માટે બે સાયબર સંજીવની મોબાઈલ વાન તથાwww.cybersnjivani.org વેબપોર્ટલનો ગૃહરાજ્યમંત્રીશ્રીના હસ્તે શુભારંભ કરાયો હતો. આ પ્રસંગેકેન્દ્રિય રેલ્વેઅને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, વન પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણરાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સુરત શહેર પોલીસ દ્વારા અડાજણ-પાલનાસંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે આયોજિત સમારોહમાં કેન્દ્રિય મંત્રી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, સાયબર ઈન્ટેલિજન્સમાર્ટકનોલોજીનોખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગની સાથે તેનો દૂરુપયોગ પણ થઈ રહ્યો છે. સુરતમાંથી દરેક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે. કોઈ પણ શહેર જ્યારે પ્રગતિના પંથેજઈ રહ્યું હોય ત્યારે તેની સુરક્ષા અને સલામતી ખૂબ જ જરૂરી હોય છે, ત્યારે સુરત પોલીસના પ્રયાસોથી સુરતનેસાયબર સેફ શહેરની નવી નેમ ટેગ મળી છે. સુરત શહેર પોલીસ ક્રાઈમ ડિટેકશન અને પ્રો-એક્ટિવ પોલીસનું સૌથી મોટુ ઉદાહરણ બની છે એમ જણાવી ગૃહરાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ટેકલોનોજીને સમજીને તેનો સાચો ઉપયોગ કરવો એને જ ફોરવર્ડ વિચાર ધારા કહી શકાય. અસામાજિક તત્વોસામાજિક દૂષણ ફેલાવવા સોશિયલ મીડિયાના માધ્યમથીલોકોને લક્ષ્ય બનાવે છે. સાયબર ક્રાઈમને નાથવા માટેની આ લડાઈ માત્ર પોલીસની નથી, પણ આપણા સૌની સહિયારી જવાબદારી છે. સુરતપોલીસદ્વારા વર્ષ-૨૦૨૧માંસાયબર ક્રાઈમના ૨૭૨ ગુના દાખલ કરવામાં આવ્યા, જે પૈકી ૧૨૬ ગુના ડિટેક્ટ થયા છે. વર્ષ-૨૦૨૨માં ૩૭૬ ગુના પૈકી ૨૧૮ગુના ડિટેક્ટ થયા છે. જ્યારે વર્ષ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩માં (જુન મહિના સુધી) સાયબર ક્રાઈમનો ભોગ બનનાર ૧૨૪ વ્યક્તિઓને કુલ રૂ.૧.૦૨ કરોડની રકમ પરત આપવામાં સુરત પોલીસને સફળતા મળી હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. વડીલો, દાદા-દાદી કે માતા-પિતાની ઉંમરના વ્યક્તિઓ આસાનીથી સાયબર ક્રાઈમનો ભોગ બની જતા હોય છે. તમારા સાચા મિત્ર બનીને વિદ્યાર્થીઓ, કિશોરો અને યુવાનો આગળ આવે એમ તેમણે જણાવ્યું હતું. આપણે સૌએ ઘરની તિજોરીની જેમ આપણા સોશિયલ મીડિયા અકાઉન્ટ સમાં તમામ પ્રકારની માહિતી લોક રાખવા તેમજ અજાણ્યા વ્યક્તિની સોશિયલ મીડિયા પર આવતી રિક્વેસ્ટ ક્યારે એક્સસેપ્ટ ન કરીને આ અંગેઅન્યને જાગૃત્ત કરવાકહ્યું હતું. સૌ સુરતીઓ સુરત પોલીસના બ્રાન્ડ એમ્બેસેડર બનવા અને ગુજરાત પોલીસ દ્વારા સાઈબર ક્રાઈમની જાગૃતિ દર્શાવતી ક્લિપ્સને સમયાંતરે આપણા સોશિયલ મીડિયા પર અપલોડ કરવા તેમણે અનુરોધ કર્યો હતો. એક જ કોલ પર ફરિયાદ દાખલ થાય એવી વ્યવસ્થા ઉભી કરવા માટેસુરતપોલીસનેગૃહરાજ્યમંત્રીશ્રીએ રચનાત્મક સૂચન કર્યુ હતું. સુરત શહેરના ખૂણે ખૂણે સાયબર સંજીવની વેન ફરીને સાયબર ક્રાઈમથી બચાવવામદદરૂપ બનશે એમપણ તેમણેકહ્યુંહતું. સાયબર સેફ શહેરના નેમ ટેગની માહિતી આપતા સુરતપોલીસ કમિશનરશ્રી અજયકુમારતોમરે જણાવ્યુંહતુંકે, સાયબર સંજીવની અભિયાનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં સાયબર ક્રાઈમ બાબતે જાગૃતતા લાવી શહેરને સાયબર સેફ સુરત બનાવવાનો છે. કોઈ પણ શહેરને સલામત અને સુરક્ષિત રાખવા પોલીસની મહત્વની ભૂમિકા હોય છે. સમગ્ર વિશ્વમાં ઝડપભેર સાયબર ક્રાઈમવધી રહ્યા છે, ત્યારે સાયબર ક્રાઈમના ગુનાઓનું સૌથી વધુડિટેકશન સુરતસાયબર ક્રાઈમ કરી રહી હોવાની વિગતો તેમણે આપી હતી. તેમણે નાગરિકો સાયબર ફ્રોડના કિસ્સાઓમાં સાયબર હેલ્પલાઈન નં. ૧૯૩૦ ઉપર કોલ કરીનેસહાયતા મેળવવા સાથે ફરિયાદ કરી શકે છેએમ શ્રી તમારે કહ્યું હતું. આ વેળાએ સાયબર ફ્રોડની જાગૃતિ દર્શાવતી ફિલ્મે હાજર સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. સાથે સાથે સાયબર ફ્રોડથી બચવા માટે ભજવાયેલી નાટિકા સૌએ નિહાળી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ, મનુભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, અરવિંદભાઈ રાણા, મનુભાઈ પટેલ, અધિક પોલીસ કમિશનરશ્રી શરદ સિંઘલ, અધિક પોલીસકમિશનર (સેક્ટર-૧) શ્રી પી.એમ.મલ, એડિશનલ પોલીસકમિશનરશ્રી કે.એન. ડામોર, ઝોન-૪ના ડીસીપી શ્રી સાગર બાગમાર, ડીસીપી શ્રી ભગીરથ ગઢવી, સ્થાયી સમિતિ અધ્યક્ષ પરેશભાઈપટેલસહિત શહેરીજનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉધોગમંત્રી બલવંતસિહ રાજપૂતે મા બહુચરના દર્શન કરી ધન્યતા અનુભવી

કમલમ્ ન્યુઝ,મહેસાણા

ઉધોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે સોમવારે બેચરાજી ખાતે આવી મા બહુચરનાદર્શન કરી ધન્યતા અનુભવીહતી. બેચરાજીમંદિર વિકાસ કાર્યોની બેઠકમા આવેલા મંત્રીશ્રીએ મા બહુચરના દર્શન કરી રાજ્યની સુખ,શાંતિ અને સલામતી માટે પાર્થના કરી હતી.આ પ્રસંગે મંત્રીશ્રીની સાથે જિલ્લા કલેકટર એમ નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારી ડોઓમ પ્રકાશ,પુર્વ ગૃહમંત્રી રજનીભાઇ પટેલ, ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, નિવાસી અધિક કલેકટર ઇન્દ્રજીતસિંહ વાળા બેચરાજીટેમ્પલ ટ્રસ્ટના વહીવટદારશ્રી,અધિકારીઓ તેમજસંબધિત પદાધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા

શ્રમ અને રોજગારમંત્રી બલવંતસિહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને બેચરાજી ખાતે વિકાસ કાર્યો અંતર્ગત બેઠક યોજાઇ

કમલમ્ ન્યુઝ,મહેસાણા

આધશકિત માં બહુચરાજીના પવિત્ર યાત્રાધામ બેચરાજીના વિકાસ માટે સરકાર કટિબધ્ધ બની છે. બેચરાજીનો વિકાસસુઆયોજીત પ્રમાણે થાય તે માટે કામકરાઇ રહ્યુંછે. બેચરાજીમાં આવતા યાત્રાળુઓની સુખ અને સુવિધા માટે આગામી સમયના આયોજન માટે નાગરિક ઉડ્ડયન મંત્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી.પવિત્ર યાત્રાધામના સર્વાંગી વિકાસની કામગીરી માટે સંબધિત અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારાજરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. બેઠકમાં મંત્રીશ્રીએ બેચરાજી ખાતે થનાર આગામી કાર્યોની સમીક્ષા કરી

જરૂરી સૂચનો કર્યા હતા. બેઠકમાં પ્રવાસન વિભાગના સચિવ હારિત શુકલા, જિલ્લા કલેકટર એમ નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ, પુર્વ ગૃહમંત્રી રજનીભાઇ પટેલ, ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, નિવાસી અધિક કલેકટર ઇન્દ્રજીતસિંહ વાળા બેચરાજી ટેમ્પલ ટ્રસ્ટના વહીવટદારશ્રી, અધિકારીઓ તેમજ સંબધિત પદાધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા

પોલીસ શૈક્ષણિક, સંશોધન અને તાલીમનું સશક્તિકરણ: સંસ્થા સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરીને ભારતના કર્મયોગી મિશન માટે RRU અને BPR&D જોડાયા

કમલમ્ ન્યુઝ,

૩૧ જુલાઈ ૨૦૨૩ના રોજ, નવી દિલ્હી, સંશોધન અને વિકાસના ક્ષેત્રમાં સહકાર અને સહયોગ વધારવાની દિશામાં નોંધપાત્ર પગલામાં, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), ગાંધીનગર, ગુજરાત અને બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (BPR&D), નવી દિલ્હીએ, એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. કરારનો ઉદ્દેશ્ય બંને સંસ્થાઓ વચ્ચે પરસ્પર સમજણ અને જ્ઞાનની વહેંચણીને પ્રોત્સાહન આપવાનો છે, જે આખરે ભારતમાં પોલીસિંગ પ્રથાઓના વિકાસમાં ફાળો આપે છે. Cdr દ્વારા એમઓયુ પર હસ્તાક્ષર મનોજ ભટ્ટ, નિયામક (સંલગ્નતા અને માન્યતા) કુ. તન્વી સિંઘ, (આસિસ્ટન્ટ ડીન) આરઆરયુ અને શ્રી. રવિ જોસેફ લોકુ IPS, ઈન્સ્પેક્ટર જનરલ/નિયામક (સંશોધન અને સુધારાત્મક વહીવટ) BPR&D શ્રીની હાજરીમાં કરવામાં આવ્યા હતા. બાલાજી શ્રીવાસ્તવ IPS, (ડાયરેક્ટર જનરલ, BPR&D) અને BPR&D ના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. RRU અને BPR&D વચ્ચેના સહયોગથી સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ, વિનિમય કાર્યક્રમો, તાલીમ પહેલ અને ક્ષમતા નિર્માણ પ્રવૃત્તિઓની સુવિધા અપેક્ષિત છે. તેમની સંબંધિત કુશળતા અને સંસાધનોનો લાભ લઈને, બંને સંસ્થાઓનો હેતુ ભારતમાં કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા સામનો કરવામાં આવતા વિવિધ પડકારોનો સામનો કરવાનો અને નવીન ઉકેલો વિકસાવવાનો છે. આ ભાગીદારી હેઠળ, આરઆરયુ અને બીપીઆર એન્ડ ડી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), ડેટા એનાલિટિક્સ, સાયબર સિક્યુરિટી, ફોરેન્સિક સાયન્સ અને કાઉન્ટર ટેરરિઝમ જેવી ઉભરતી ટેક્નોલોજી સંબંધિત સંશોધન પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરશે. આ વિસ્તારો પોલીસિંગ પ્રથાઓને બદલવા અને જાહેર સલામતી સુધારવાની અપાર સંભાવનાઓ ધરાવે છે. એમઓયુમાં સમાવિષ્ટ એક્સચેન્જ પ્રોગ્રામ્સ બંને સંસ્થાઓના ફેકલ્ટી સભ્યો, સંશોધકો અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક વિનિમય, વર્કશોપ, સેમિનાર અને પરિષદોમાં જોડાવવા સક્ષમ બનાવશે.

આ તેમને પોલીસિંગના ક્ષેત્રમાં વિવિધ પરિપ્રેક્ષ્યો અને અભિગમો માટે મૂલ્યવાન એક્સપોઝર પ્રદાન કરશે. વધુમાં, સહયોગ વિવિધ સ્તરે પોલીસ અધિકારીઓ માટે સંયુક્ત તાલીમ કાર્યક્રમોની સુવિધા આપશે. આ કાર્યક્રમો તપાસ તકનીકો, ગુના નિવારણ વ્યૂહરચનાઓ, સમુદાય પોલીસિંગ, નેતૃત્વ વિકાસ અને કાયદાના અમલીકરણમાં અદ્યતન તકનીકોના ઉપયોગથી સંબંધિત કુશળતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. એમઓયુ RRU અને BPR&D વચ્ચે શ્રેષ્ઠ પ્રથાઓ અને જ્ઞાન સંસાધનોની વહેંચણીના મહત્વપર પણભાર મૂકેછે. આમાં પ્રકાશનો, સંશોધન પત્રો, અહેવાલો અને અન્ય સંબંધિત સામગ્રીઓના વિનિમયને સતત શીખવાની અને સુધારણાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થશે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ બંને પોતપોતાના ક્ષેત્રોમાં જાણીતી સંસ્થાઓછે. RRU, 2009માં સ્થપાયેલ, રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ વ્યવસ્થાપનના ક્ષેત્રોમાં શિક્ષણ અને સંશોધન પ્રદાન કરવા માટે સમર્પિત વિશિષ્ટ યુનિવર્સિટી છે. બીજી તરફ, BPR&D એ ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થાછે, જે પોલીસ સંશોધન અને વિકાસમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે જવાબદાર છે.

આ બે પ્રતિષ્ઠિત સંસ્થાઓ વચ્ચેના સહયોગથી ભારતીય પોલીસિંગ લેન્ડસ્કેપ પર દૂરગામી અસર થવાની અપેક્ષા છે. તેમની કુશળતા, સંસાધનો અને સંશોધન ક્ષમતાઓને સંયોજિત કરીને, RRU અને BPR&D સમગ્ર દેશમાં કાયદા અમલીકરણ એજન્સીઓના આધુનિકીકરણ અને વ્યવસાયીકરણમાં નોંધપાત્ર યોગદાન આપીશકે છે.

ગિરિમથક સાપુતારાના 'મેઘ મલ્હાર પર્વ' માં ઉમટ્યા દેશવિદેશના પ્રવાસીઓ

તંત્રી સ્થાનેથી......

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે. સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો, જેવા કે સુરક્ષા,સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રમાંમહિલાઓ સક્ષમ થાય તે હેતુસર ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ દરમિયાન "નારી વંદન સપ્તાહ" ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત કચ્છમાં પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. કચ્છ જિલ્લામાં તા.૦૧/૦૮/૨૦૨૩ થી ૦૭/૦૮/૨૦૨૩ દરમિયાન "નારીવંદન સપ્તાહ" ઉજવણીના ભાગરૂપે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં તા.૦૧/૦૮/૨૦૨૩ના રોજ મહિલા સુરક્ષા દિવસ, તા.૦૨/૦૮/૨૦૨૩ના રોજ બેટી બચાઓ બેટી પઢાવો, તા. ૦૩/૦૮/૨૦૨૩ ના રોજ મહિલા સ્વાવલંબન દિવસ, તા.૦૪/૦૮/૨૦૨૩ના રોજ મહિલા નેતૃત્વ દિવસ, તા.૦૫/૦૮/૨૦૨૩ના રોજ મહિલા કર્મયોગી દિવસ, તા.૦૬/૦૭/૨૦૨૩ના રોજ મહિલા કલ્યાણ દિવસ અને તા.૦૭/૦૮/૨૦૨૩ના રોજ મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કચ્છ જિલ્લાના વિવિધ સ્થળોએ યોજવામાં આવશે. જેમાં પોલીસ વિભાગ, શિક્ષણ વિભાગ, સુરક્ષા સેતુ ટીમ, જિલ્લા કાનુન સેવા સત્તા મંડળ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, કૃષિ અને પશુપાલન વિભાગ, બેંક્સ, લિડ બેંક મેનેજર, રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત મહિલા આર્થીક વિકાસ નિગમ, ગ્રામ વિકાસ વિભાગ, રોજગાર અને તાલીમ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, શ્રમ અને રોજગાર વિભાગ, આઈ.સી.ડી.એસ. વિભાગો સહભાગી થશે એમ મહિલા અને બાળ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

સહિયાદ્રિની ગિરિકંદરામાં ચોમાસાની મદમસ્ત મોસમનો લુફ્ત ઉઠાવતા વિદેશી પ્રવાસીઓ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

સહિયાદ્રિ પર્વતમાળાની ગોદમાં વસેલા ખૂબસુરત ગિરિમથક સાપુતારાના 'મેઘ મલ્હાર પર્વ' માં દેશવિદેશના પ્રવાસીઓ ઉમટ્યા છે. ચોમાસાની મદમસ્ત આહલાદક મોસમમાં ઝરમર ઝરમર વરસતા વરસાદી માહોલનો લુફ્ત ઉઠાવતા વિદેશી પર્યટકો સંગીતના દેશી તાલે ઝૂમી ઉઠ્યા હતા. TCGL ના'મોન્સૂન ફેસ્ટિવલ' ના આયોજનને બિરદાવતા બાંગ્લાદેશની યુવા પર્યટક વિશાખા શર્માએ, સાપુતારાની સુંદરતાના બે મોઢે વખાણ કર્યા હતા. તો અફઘાનિસ્તાનથી સાપુતારા આવેલી યુવતિ મનાર મેહમુદ મોહમ્મદ અહેમદઅલીએ પણ ટુરિઝમના વિકાસ માટે સ્ટેટ ગવર્મેન્ટના પ્રયાસોને "માસા અલ્લાહ" કહીને સરાહના કરી હતી.ઉલેખનીય છેકે, સાપુતારાના 'મેઘ મલ્હાર પર્વ-૨૦૨૩' ને માણવા માટે ૩૦ જેટલા દેશોના ૬૪ જેટલા યુવા પર્યટકો અત્રે પધાર્યા હતા. ઝઘ્ના મહેમાન બનેલા આ પ્રવાસી પંખીઓ, શ્રીલંકા, બુરૂન્ડી, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, તઝાકિસ્તાન, સિરીયા, નાઈજીરિયા, નેપાલ, અંગોલા, મડાગાસ્કર, સોમાલિયા, મ્યાનમાર, મોરેશિયસ, ધ ગામબીયા, મલાવી, યમન, ઈજિપ્ત, કમ્બોડિયા, યુગાન્ડા, બોટસ્વાના, કેન્યા, તુર્કમેનિસ્તાન, ફિજી, રશિયા, ફ્રાંન્સ, ડીજીબૌતી, ઈથોપિયા, ઘાના, મોઝામ્બિક, સહિત કોટે'ડીલ્વોર જેવા દેશોમાથી ઊડીને આવી, સહિયાદ્રિની ગોદમાં વિહાર કરી ગયા છે. ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા સાપુતારાના મહેમાન બનેલા આ વિદેશી પર્યટકોને સાપુતારા સહિત ડાંગના નૈસર્ગિક પ્રવાસન સ્થળોથી પણ માહિતગાર કરાવ્યા હતા, તેમ જણાવાયુ હતું.

સ્ટાર્ટ અપ થકી પોતાની અને અન્ય લોકોને માટે રોજગારીની નવી તકો ઊભી કરતા કોમ્પ્યુટર સાયન્સમાં સ્નાતક યુવા મિત્રો

કમલમ્ ન્યુઝ,

પોતાની આવડતનો ઉપયોગ કરી અન્ય લોકો માટે પ્રેરણા પૂરી પાડતા સાબરકાંઠા-અરવલ્લીના કોમ્પ્યુટર સાયન્સના વિદ્યાર્થી એવા બે યુવાનો સ્ટાર્ટઅપ થકી ખેડૂતોને મદદરૂપ બનવા અને તેમની આવક બમણી કરવાના વડાપ્રધાન શ્રીના સ્વપ્નને સાકાર કરવા નાના પરંતુ મક્કમ ડગલા ભરી રહ્યા છે સાબરકાંઠાઈડર ભદ્રેશ્વરના હિત દેસાઈ અને અરવલ્લી ભિલોડાના દિવ્યજીતસિંહ ચૌહાણ નામના યુવા મિત્રોએ ભેગા મળી એક એપ વિકસાવી છે જેમાં ખેડૂત ઘરે બેઠા પોતાના પાકના ભાવની જાણકારી મળે અને વેચાણ માટે માર્કેટ યાર્ડ સુધી જવું પડશે નહીં. બુલ એગ્રીટેક નામની નાની કંપનીની શરૂઆત થકી તેઓ ૨૫થી વધુ લોકોને રોજગારી પૂરી પાડવાની સાથે ખેડૂતોને મદદરૂપ બની રહ્યા છે. મોટા શહેરોમાં મળતી સારા પગારની નોકરી છોડી પોતાનો ધંધો વિકસાવ્યો, બુલ એગ્રીટેકના ૨૩ વર્ષીય હીત દેસાઈ જણાવે છે કે કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ પૂર્ણ કરી કોરોનાના સમયે ગામડે રહેતા ખબર પડી કે ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળતા નથી તેમના કાકાએ કોરોના સમયે મરચીનો પાક વાવ્યો હતો બજારમાં મરચીની જરૂર હતી છતાં માર્કેટયાર્ડમાં પાકનો યોગ્ય ભાવ ન મળતા તેમના કાકા એ ગામડે ગામડે છૂટક વેપાર કરવો પડ્યો હતો. આમ કરવામાં ખેડૂતના સમય અને શક્તિ બંનેનો વ્યય થાય છે. આ ઘટના બાદ ખેતી વિશે અને ખેડૂતોને મદદરૂપ થવાના વિચારે મિત્ર સાથે ચર્ચા કરી માર્કેટયાર્ડની સમજ કેળવવા છ મહિના સુધી ઉત્તર ગુજરાતના જુદા જુદા માર્કેટયાર્ડમાં ફરી તેની સમજ મેળવી હતી. બાદમાં તેમણે પોતાની એપ વિકસાવી ગામડે ગામડે ફરી તેમની આ એપ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. વધુમાં તેઓ જણાવે છે કે, ખેડૂતને દરરોજ સવારે પાકના ભાવ મેસેજ દ્વારા મળે છે જેથી ખેડૂતને ઘરે થી પાક ભરતા પહેલા જ ખબર હોય કે તેમના પાકના ભાવ શું મળશે? આમ વચેટીયાઓને દૂર કરીને ખેડૂતો બુલ એગ્રીટેક દ્વારા પોતાનો માલ વેપારીઓને વેચી શકે છે. માલની પરખ માટે વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરી ખેડૂતને સાચો ભાવ આપવામાં આવે છે. ખેડૂતને તેના પાકની કિંમત બેંક ખાતામાં ત્રણથી ચાર કલાકમાં આપી દેવામાં આવે છે. અરવલ્લી ભિલોડાના દિવ્યજીતસિંહ ચૌહાણ જણાવે છે કે, શરૂઆતમાં તેમણે ઘરેથી ખેડૂતોના પાકની ખરીદી કરતા હતા. અત્યારે તેઓ ચાર જિલ્લામાં સાબરકાંઠામાં બે સેન્ટર, અરવલ્લી, મહેસાણા, ખેડામાં એક-એક એમ પાંચ સેન્ટરો ઉપર ખરીદી કરે છે. વર્ષ ૨૦૨૧માં તેમણે આ બુલ એગ્રીટેકની શરૂઆત કરી હતી અને પ્રથમ વર્ષે તેનું ટર્નઓવર બે કરોડ હતું. ૨૦૨૨માં ૧૨ કરોડ હતું જ્યારે ૨૦૨૩માં પ્રથમ છ માસનું તેમનું ટર્નઓવર ૧૨ કરોડ હતું. બુલ એગ્રીટેક સાથે ૧૫૦૦૦થી વધુ ખેડૂતો ડિજીટલ માધ્યમથી જોડાયેલા છે.તેમજ ૩૫૦૦થી વધુ ખેડૂતોએ પોતાનો પાક બુલ એગ્રીટેકને વેચ્યો છે. આ નાનકડી કંપની અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ ગામો સુધી પહોંચી છે. કુલ ખરીદીના ૨૦% ખરીદી તો ખેડૂતના ઘરેથી જ કરવામાં આવે છે. હિંમતનગર ઈલોલના હસનઅલી એહમદલી ભૂરા જણાવે છે કે, તેઓ પોતાનો પાક બુલ એગ્રિટેકને વેચે છે કારણ કે અહીં અમને અમારા પાકનું સાચો ભાવ મળે છે ડીજીટલ મશીન દ્વારા એરંડામાં ભેજ માપવામાં આવે છે . એરંડામાં તેલની ચોક્કસ ટકાવારી જાણવા માટે એક પ્રમાણીત કદના ડબ્બામાં ભરી વજન માપવામાં આવે છે તેના આધારે અમારા માલનો ભાવ નક્કી થાય છે.

થિયોસોફિકલ ફેડરેશન ગુજરાત ભાવનગર દ્વારા વેબસાઈટ લોન્ચ કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

થિયોસોફિકલ ફેડરેશન ભાવનગર ગુજરાતના પ્રમુખ શ્રી હર્ષ વદન ભાઈ અને મહા મંત્રી શ્રી સી કે સોની સાહેબ દ્વારા વેબ સાઈટ નું લોન્ચિંગ અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય ની તમામ લોજો ના પ્રમુખ અને મંત્રી શ્રી ની ઉપસ્થિતિમાં તેઓના હાથે વેબ સાઈટ નુ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં થિયોસોફિકલ સારસ્વત લોજ ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલ અને મંત્રી શ્રી કાંતિભાઈ પટેલ એડવોકેટ, શ્રી ગિરિશ નીલ ગીરી દ્વારા થિયોસોફિકલ પ્રતીક શ્રીમાળી યુવા પ્રવૃત્તિ ચેરમેન અને શ્રી મનુ ભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત સદસ્યો ને વેબ સાઈટ ના ફાયદા વિશે સમજ આપી હતી.. વેબસાઈટ તૈયાર કરનાર શ્રી દિપક પંડયા સાહેબ નોડલ અધિકારી નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમ માં મહા મંત્રી શ્રી સી કે સોની સાહેબ દ્વારા લોજ માં જોડાવા માટે નું ફોર્મ કેવી રીતે ભરવું તેનું માર્ગદર્શન આપ્યું હતું પ્રમુખ શ્રી હર્ષવદન શેઠ દ્વારા અઠવાડિયે એક વાર મળવું

અને આ સિવાય એટલે કે થિયોસોફિકલ સિવાય ની પ્રવૃતિ ભારત સમાજ સેવા પૂજા રાખવા અનુરોધ કર્યો હતો આ કાર્યક્રમમાં ગુજરાત ના દરેક જિલ્લાઓ ની લોજો ના પ્રમુખ મંત્રી શ્રી ઓ એ બેંક એ કાઉન્ટ માં પડતી મુશ્કેલી ઓ રજૂ કરી હતી તે અંગે પ્રમુખ શ્રી એ માર્ગદર્શન આપ્યું હતું અંત માં આભાર મંત્રી શ્રી સી કે સોની સાહેબ દ્વારા માનવામાં આવ્યો હતો

ક્રાઈમ બ્રાન્ચ-સુરત દ્વારા એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ તથા મિસિંગ/અપહરણના ગુન્હાઓ બાબતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ તથા ક્રાઈમ બ્રાન્ચ (મિસિંગ સેલ)-સુરત દ્વારા સનરાઈઝ આર્મી અને પોલીસ પ્રશિક્ષણ સંસ્થાન, ઉધના ખાતે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ તથા મિસિંગ/અપહરણના ગુન્હાઓ બાબતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી જી.એ.પટેલ, હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ, કરણસિંહ અને સંગીતાબેન તેમજ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ અને જોગેન્દ્રભાઈ દ્વારા ઉપસ્થિત તાલીમાર્થીઓને હ્યુમન ટ્રાફિકિંગ અને અપહરણના ગુન્હાઓ વિષે વિસ્તૃતમાં માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના સંસ્થાપકશ્રી પ્રદિપ શિરસાઠ, પ્રશિક્ષકશ્રી શિવરાજભાઈ સાવળે(હેડ કોન્સ્ટેબલ.બી.એસ.એફ - સેવાનિવૃત્ત), કમલેશભાઈ શિરસાઠ, કૌશલભાઈ બાગળે ઉપસ્થિત રહ્યા હતા.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મેઘરજની નગર કારોબારીની ઘોષણા કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મેઘરજ નગર ની વર્ષ ૨૦૨૩-૨૪ ની નગર કારોબારી ની ઘોષણા કરવામાં આવી. જેમાં અરવલ્લી જિલ્લા સંયોજક ધ્રુવભાઈ પંચાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નગરમંત્રી તરીકે દક્ષભાઈ ચૌધરીને જવાબદારી સોંપવામાં આવી. નૂતન જવાબદારી મળવા બદલ કાર્યકર્તાઓ ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

વાલિયા ની શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ ખાતે વુમન એમ્પાવરમેન્ટ અંતર્ગત ફ્રી કીટ વિતરણનુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું.



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

વાલિયા ની શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડૉ.શર્મિલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ રોટરી ક્લબ ભરુચ અને ભારતી શીરીસ મોદી દ્વારા વુમન એમ્પાવરમેન્ટ યોજના અંતર્ગત પ્રા.ભાવનાબેન ગોથાણા અને ડૉ.પ્રતિક્ષાબેન મહિડા દ્વારા આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજ ની વિદ્યાર્થીનીઓને સ્વરોજગારી પ્રાપ્ત કરી આર્થિક ઉપાજન કરી શકે તે માટે ફ્રીમાં સિવણ, બ્યુટીપાર્લર અને કોમ્પ્યુટરના કલાસીસ ચલાવવામાં આવે છે એના માટેની જરુરીયાત ની વસ્તુની કીટ નું વિતરણ રોટરી ક્લબ દ્વારા કરવામાં આવ્યું. કોલેજના સેક્રેટરી ડૉ.વનરાજસિંહ મહિડા રોટરી ક્લબ કઈ રીતે કામ કરે છે અને વિદ્યાર્થીનીઓ કંઈક નવુ શીખી પોતાના પગભર બને એની માહિતી આપી.તેમજ રોટરી ક્લબનાં ચેરમેન મતી ડૉ.પ્રતિક્ષાબેને વિદ્યાર્થીનીઓ સ્વનિર્ભર બની એક સારા ઉદ્યોગ સાહસીક બને એવી પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં ૨૭૦ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.

વઘઈ ખાતે વન વિભાગની જુદી જુદી યોજનાઓના લાભાર્થીઓને વિવિધ સહાયનુ કરાયું વિતરણ

વન સમિતિઓ, ઈકો ડેવલપમેન્ટ કમિટિઓ, સ્વ સહાય જુથોનાં આગેવાનો સાથે સંવાદ સાધતા વન પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

વનાચ્છાદિત ડાંગ જિલ્લાની વન સંપદા અને વનોમાં રહેતા ગ્રામજનોની નિખાલસતાને બિરદાવતા વન મંત્રીશ્રીએ, પ્રાકૃતિક ડાંગ જિલ્લાની વિશેષતા જોઈ, જાણી અહીંની ખાસ કરીને વન વિભાગની સ્વરોજગારીની યોજનાઓની સરાહના કરી હતી. સાપુતારાના 'મેઘ મલ્હાર પર્વ'ના ઉદ્દઘાટન માટે ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા વન પર્યાવરણ તથા કલાઈમેટ ચેન્જ, પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના કેબીનેટ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ, વઘઈ ખાતે જિલ્લાની વન સમિતિઓ, ઈકો ડેવલપમેન્ટ કમિટિઓ, સ્વ સહાય જુથોના આગેવાનો સાથે સંવાદ કાર્યક્રમ યોજી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. દંડકારણ્યની દેવભુમિમાં ઈકો ટુરીઝમને કારણે ડાંગના ઘણા ખરા લોકોને આર્થિક રોજગારી મળી રહી છે. પ્રવાસીઓને જંગલો, નદીઓ, ઝરણાઓ, વન્ય જીવો, પક્ષીઓ, ધોધ વિગેરેનું આહલાદક દ્રશ્ય નિહાળવાની તક ઉપલબ્ધ થવા સાથે અહીંની સંસ્કૃતી, નૃત્ય, વારલી અને પચવે પેઈન્ટીંગ, ડાંગી પ્રાકૃતિક ભોજન, સ્થાનિક ઉત્સવો પ્રકૃતિના દેવો અહીંની આદિજાતી સંસ્કૃતિ સાથે વણાયેલા છે, તેમ જણાવતા મંત્રીશ્રીએ "કોરોના" જેવી મહામારી સમયે પણ ડાંગીજનોએ સ્વાસ્થ્ય જાળવીને, અહીં અત્યાર સુધી જાળવી રાખેલ હરિયાળી વનરાજીના કારણે માનવ મૃત્યુ દર નહિવત હતુ તેમ કહ્યું હતું. આવા જંગલો અને વન્ય જીવોની સુરક્ષા માટે સૌને, અને અહીંની લીડરશીપને ખુબ ખુબ અભિનંદન આપુ છુ, તેમ પણ મંત્રીશ્રીએ વધુમાં કહ્યુ હતુ. ગુજરાત રાજયના પનોતા પુત્ર અને સપુત એવા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો પ્રિય જિલ્લો એ ડાંગ જિલ્લો છે, તેમ જણાવતાં મંત્રીશ્રીએ, પ્રધાનમંત્રીશ્રીની અમીદ્રષ્ટિ હમેશા ડાંગ જિલ્લા પર હોવાના કારણે ડબલ એન્જીન સરકાર તમામ ક્ષેત્રે જેવા કે શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણીની સુવિધા, રસ્તાઓ, દુરસંચાર/કનેકટીવીટી, રોજગારીની વિપુલ તકો પ્રાપ્ત થાય તેવા વિવિધ કૌશલ્ય વર્ધન કેન્દ્રોની સ્થાપના, પશુપાલન, ખેતી, વીજળી, વનો, વન્ય જીવોના વિકાસરૂપી મંત્રને સાથે લઈને "સૌનો સાથ સૌનો વિકાસ" સુત્રને ડાંગ જિલ્લાના પ્રજાજનો સાથે ખભેખભા મીલાવી સાર્થક કરી રહી છે તેમ જણાવ્યું હતું. ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે ડાંગ જિલ્લાને સૌપ્રથમ "પ્રાકૃતિક જિલ્લો" જાહેર કરાતા અહીની જમીન સુધારણામાં અને ખેતીની પધ્ધતીમાં મોટો ફેરફાર આવ્યો છે તેમ કહેતા વન પર્યાવરણ મંત્રીશ્રીએ સૌને રાસાયણિક ખાતરની જગ્યાએ જીવામૃત, વર્મિ કમ્પોસ્ટ, છાણીયુ ખાતર વિગેરેને મહત્વ આપવાનુ આહવાન કર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની રાહબરી અને માર્ગદર્શન હેઠળ વન વિભાગ દ્વારા વન સંવર્ધન ક્ષેત્રે વનોની જાળવણી, વન્ય જીવોની જાળવણી, એન્ટી પોઈન્ટના કામો, જંગલ રસ્તાઓ, આદિમ જુથના કોટવાળીયા જાતીના સમુદાયના ડેવલપમેન્ટ જેવી અનેક બાબતોમાં વર્ષે ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે વિકાસના કામો હાથ ધરવામાં આવે છે,-તેમ જણાવતાં મંત્રીશ્રીએ, જેનો સીધો આર્થિક લાભ ડાંગની જનતાને મળે છે તેમ કહ્યું હતું.

ગત વર્ષે વન વિભાગ દ્વારા ૧૦લાખ જેટલા વાંસ ગ્રામજનોને વિતરણ કરવામાં આવ્યા હતા, તેમ પણ તેમણે કહ્યું હતું. વઘઈના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વન વિભાગની વાડી યોજના, માલિકી યોજના, વનલક્ષ્મી યોજના, વનધન યોજના, કલસ્ટર ડેવલોપમેન્ટ પ્રોજેકટ, જમીન લેવલિંગ, ભેજ સંરક્ષણ, વન અધિકાર અધિનિયમ, વન ઔષધિ અને ભગત મંડળી, જંગલ કામદાર સહકારી મંડળી, સ્વ સહાય જુથ, વન સમિતિ અને ઈકો ડેવલપમેન્ટ કમિટીના લાભાર્થીઓને વિવિધ સહાયના ચેકનું વિતરણ કર્યુ હતું. દરમિયાન ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, વલસાડ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી મનિશ્વર રાજા, નાયબ વન સંરક્ષક શ્રી રવિપ્રસાદ અને દિનેશ રબારી, એ.સી.એફ. સુશ્રી આરતી ભાભોર, વન અધિકારીઓ, વનકર્મીઓ વિગેરેએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા નિભાવી હતી.

કાર્યક્રમમાં વલસાડ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી મનિશ્વર રાજાએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં વન વિભાગની વન જતન સંવર્ધનની કામગીરીનો ચિતાર રજૂ કરી, જુદી જુદી યોજનોમાં અપાયેલા લાભાર્થીની વિગતો રજૂ કરી હતી. શ્રી રાજાએ વન વિભાગની વિવિધ પ્રવૃત્તિઓમાં લોક સહયોગ ખૂબ જરૂરી છે, તેમ જણાવ્યું હતું.

સ્વાગત વકતવ્ય બોટાનીકલ ગાર્ડનના અધિક્ષક શ્રી નિલેશ પંડ્યાએ કર્યુ હતું. જ્યારે આભારવિધિ નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીએ આટોપી હતી.ઉદઘોષક તરીકે વન અધિકારી અર્ચના જોસેફ હીરાએ સેવા આપી હતી.

ચોર્યાસી તાલુકાના દેલાડવા ગામની પ્રસૂતા માતા અને નવજાત બાળક માટે ૧૦૮ ઈમરજન્સી સેવા આશીર્વાદરૂપ બની

અસહ્ય પ્રસવ પીડા થતા ૧૦૮ ઈમરજન્સી ટીમે સગર્ભાની એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવી

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

સુરત ૧૦૮ ઈમરજન્સી સેવા ચોર્યાસી તાલુકાના દેલાડવા ગામની પ્રસુતા માતા અને નવજાત બાળક માટે આશીર્વાદરૂપ બની હતી. સગર્ભા મહિલાને સારવાર માટે ૧૦૮માં ખરવાસા સામૂહિક આરોગ્ય કેન્દ્રથી નવી સિવિલ હોસ્પિટલ લઈ જઈ રહ્યાંહતા, એ દરમિયાન પ્રસૂતિની અસહ્ય પીડા થતા ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ ૧૦૮ ઈમરજન્સીના આરોગ્ય કર્મચારીઓ દ્વારા સલામતીપૂર્વક અને સફળ નોર્મલ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. દેલાડવા ગામના તળાવ ફળિયામાં રહેતી એક સગર્ભા મહિલાને તા.૩૦મીએ સવારે પ્રસૂતિનો દુ:ખાવો શરૂ થતા તેઓ ઘરેથી ખરવાસા સેન્ટર બતાવવા માટે ગયા હતા. જ્યાં સગર્ભાને પ્રસવ પીડા અસહ્ય બની હતી. જેથી પરિવારજનોએ ખરવાસાથી નવી સિવલ હોસ્પિટલ ખસેડવા માટે તરત જ ૧૦૮ ઉપર ફોન કર્યો. નવાગામ ૧૦૮ સેવાને પ્રસૂતાની ઈમરજન્સીનો કોલ મળતા ૧૦૮ વાન ગણતરીના સમયમાં સ્થળ પર પહોંચી ગઈ હતી ત્યાંથી તરત જ સગર્ભાને લઈ સિવિલ હોસ્પિટલ ખાતે રવાના થયા. પરંતુ ઉધના ઓવરબ્રિજ ઉપર પસાર થયા એ દરમિયાન સગર્ભાને અસહ્ય પ્રસવ પીડા થતા એમ્બ્યુલન્સ સાઈડમાં ઉભી રાખી ૧૦૮ ના ઈએમટી નાગજીભાઈ અને પાયલોટ મિત્રએ જોયું કે, બાળક થોડું બહાર આવી ગયુ છે. જેથી પરીસ્થિતિવશ ઈમરજન્સીસેવાના કર્મચારીઓએ એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવાની ફરજ પડી હતી. ઈએમટી નાગજીભાઈએ ૧૦૮ કોલ સેન્ટરમાં બેઠેલા ઈ.આર.સી.પી ડો. મહેશભાઈને ફોન કરી પ્રસૂતા માતા અને બાળકની પરિસ્થિતિની જાણ કરી હતી. ડો.મહેશના માર્ગદર્શન હેઠળ ઈએમટીએ બાળકને બેબી વોર્મર અને કાંગારૂ મધર કેર આપી અને માતાને યુટેરિન મસાજ કરી યોગ્ય દવા, ઓક્સિજન આપીને ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ સફળ નોર્મલ પ્રસૂતિ કરાવી હતી. મહિલાની આ બીજી ડિલીવરી હતી. ત્યારબાદ માતા અને નવજાત બાળકને સલામતીપૂર્વક નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ માતા અને બાળક બંને સ્વસ્થ છે એમ ૧૦૮ના સુરત જિલ્લાના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર તેમજ ૧૦૮ સેવાના ટેરેટરી સુપરવાઈઝર રોશન દેસાઈએ જણાવ્યું હતું.

ગાંધીનગર શહેર મેયરશ્રી હિતેશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં ખોરજ તથા શ્રી સહજાનંદ ગુરુકુળ, કોટેશ્વર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવેલ

કમલમ્ ન્યુઝ,

તા. ૩૦-૦૭-૨૦૨૩ ને રવિવારના રોજ એલ.કે.ગ્રીન પાર્ટી પ્લોટ, ખોરજ તથા શ્રી સહજાનંદ ગુરુકુળ, કોટેશ્વર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવેલ, જે કાર્યક્રમમાં ૩૫ - ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યશ્રી અલ્પેશજી ઠાકોર,

ગાંધીનગર શહેર ભાજપા પ્રમુખશ્રી રુચિરભાઈ ભટ્ટ, ગાંધીનગર શહેર મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, શહેર ભાજપા મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શહેર ઉપપ્રમુખશ્રી નીલેશભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પટેલ,શહેર કિશાન મોરચા પ્રમુખશ્રીહર્ષદભાઈપટેલ, શહેર કિશાન મોરચા ઉપપ્રમુખશ્રી ભાર્ગવભાઈ પટેલ, દીપકભાઈ પટેલ, મહિલા મોરચા નયનાબેન ચાવડા, નંદિકાબેન પટેલ, વોર્ડ નં. ૧૧ ના કોર્પોરેટરશ્રીઓ માણેકજી ઠાકોર, ગીતાબેન પટેલ, સેજલબેન પરમાર, વોર્ડના પ્રમુખશ્રી અલ્પેશભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ ભવાનસિંહ વાઘેલા, ભીખાભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી તેજસભાઈ આચાર્ય, વોર્ડ નં. ૧૧ ના મંત્રીશ્રીઓ સમીર ભાઈ પટેલ, જયેશભાઈ પંચાલ, વોર્ડની મેઈન બોડીના હોદ્દેદારો, પીપલ્સ સર્વિસ ચેરીટેબલ ટ્રસ્ટ, ઝુંડાલના પ્રેસીડેન્ટ સંયુક્તાબેન, તથાકાર્યકર્તા મિત્રોએ સમયસર ઉપસ્થિતરહીને કાર્યક્રમ સફળ બનાવ્યો તે બદલ સૌનો ખુબ ખુબ આભાર...

શ્રી એમ. કે.શાહ (લાટીવાળા) સાયન્સ કોલેજ, મોડાસા સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩ એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે મુલાકાત

કમલમ્ ન્યુઝ,

ધી મ. લા .ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા સંચાલિત શ્રી એમ. કે .શાહ (લાટીવાળા) સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓને સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩ એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે મુલાકાત લીધી હતી.એડવાઈઝર શ્રીડો એસ. ડી .વેદિયા તથા જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, અરવલ્લી ગુજકોસ્ટ ના સહયોગ હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક પ્રવાસમાં ડો.અંજલિ બેન પટેલ અને શ્રીમતીઆરતીબેન ભાવસાર તથા શ્રી રિતેશ પ્રજાપતિ જોડાયેલ હતા. આ શૈક્ષણિક પ્રવાસની સફળતા માટે સંસ્થાના માનનીય પ્રમૂખ શ્રી નવીનચંદ્ર આર મોદી, ઉપપ્રમુખશ્રી સુભાષભાઈ શાહ એ અભિનંદન પાઠવ્યાહતાં.

એક્સપોર્ટ ઈન્ડિયા @75 જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર સાજેદા સબાસરાના અધ્યક્ષ સ્થાને યોજાયો

ભારત સરકારના વાણીજ્ય મંત્રાલયના સર્વે મુજબ ખેડા જિલ્લામાં એગ્રીકલ્ચર અને પ્રોસેસ્ડ ફૂડ્સનું નિકાસ વધુ

કમલમ્ ન્યુઝ,

ખેડા જિલ્લાના ઉદ્યોગ સાહસિકોને એક્સપોર્ટના ક્ષેત્રોમાં જાગૃતિ અને માર્ગદર્શન આપવા અને આવનારા સમયમાં એક્સપોર્ટનું મહત્વ સમજાવવા જિલ્લા કક્ષાનો એક્સપોર્ટ ઈન્ડિયા @૭૫ કેપેસીટી બિલ્ડીંગ કાર્યક્રમ નડિયાદ બુલેવર્ડ નાઈન હોટેલ ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી સાજેદા સબાસરાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં ભારત - ૨૦૭૫માં કયા સ્થાનપર હશે અને ભવિષ્યમાં ઈમ્પોર્ટ - એક્સપોર્ટની ઉદ્યોગોમાં કેવી અસર રહેશે તેની ચર્ચા કરવામાં આવી હતી. ભારત સરકારના વાણીજ્યમંત્રાલય દ્વારા ભારતઅને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ""One District One Product" "એક જિલ્લો એક ઉત્પાદન"ની પહેલ કરવામાંઆવી છે.

આ પહેલનો મુખ્ય હેતુ ભારતમાં આવેલ રાજ્યોના જિલ્લામાં કયા પ્રોડકટનું કેટલું મહત્વ છે તેનો અભ્યાસ કરવાનો છે. આ અભ્યાસમાં નિકાસ (એક્સપોર્ટ) નિષ્કર્ષ પર, અમુક નિકાસ-લક્ષીઉત્પાદનોનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું અને તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાંઆવ્યું હતું. અભ્યાસ અનુસાર ખેડા જિલ્લામાંથી નિકાસ કરાતા એગ્રીકલ્ચરઅને પ્રોસેસ્ડફૂડ્સજેવા ઉત્પાદનો વિદેશી બજારમાં વિશાળ માર્કેટ આવરી શકે તેમ છે. ખેડા જિલ્લામાં આ કેપેસીટી બિલ્ડીંગ પ્રોગ્રામ મુખ્યત્વે ખેડા અને તેની આસપાસના નિકાસકારો જેમ કે ખેડૂતો, મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો અને વેપારીઓને વિદેશી બજારમાં નિકાસ માટેના પગલાંઅને તકોવિશે શિક્ષિત કરવા અને પ્રોત્સાહિત કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામ અંતર્ગત ઉદ્યોગ સાહસિકો, ખેડૂતો, અને વેપારી સંગઠનોને ભારતના આવનારા સમયમાં વેપારક્ષેત્રનું વૈશ્વિક દ્રશ્ય દેખાડીતેમને વિદેશવેપાર અંતર્ગત માહિતગાર કરવામાંઆવ્યા હતા, અને આવનારા સમયમાં એક્સપોર્ટની કેટલીતકો ભારતમાં ઉભી થશે તેના વિશે માહિતી આપવામાં આવી હતી.

ઉદ્યોગકારોને ભારતની ન્યુ ફોરેન ટ્રેડ પોલિસી - ૨૦૨૩ની માહિતી અને ગુજરાતની ઉદ્યોગ પોલિસીની માહિતી આપવામાં આવી હતી.

ઉદ્યોગકારોને એક્સપોર્ટ ફાઈનાન્સ અને બેંક દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ વિષે માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમઅંતર્ગત ઉદ્યોગ સાહસિકો માટે વિદેશી બજારમાં તેમનીપ્રોડકટ ની કિંમત કેટલી અને પ્રોડકટનું એક્સપોર્ટ (નિકાસ) કરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તે અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનાજનરલ મેનેજરશ્રી સાજેદા સબાસારા, નડિયાદ ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષશ્રી બિપીનભાઈ શાહ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર શ્રી આનંદ સિંઘ હાજર રહ્યા હતા.

ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી-વ-ગ્રામ વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ 'સરસ' મેળાને ખુલ્લો મુકયો

તા. ૮ મી ઓગસ્ટ સુધી ચાલનારા 'સરસ' મેળામાં ૩૧ જિલ્લાના ૪૮ સ્ટોલ્સ ઉપર પર્યટકોને ખરીદીની તક મળશે

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

'રાષ્ટ્રીય આજીવિકા મિશન' અંતર્ગતદેશના વિવિધરાજ્યો તથા ગ્રામીણ મહિલા સ્વ સહાય જૂથો દ્વારા ઉત્પાદિત કરવામાં આવતી વિવિધ કલાત્મક ચીજ વસ્તુઓના વેચાણની બજાર વ્યવસ્થા પુરી પાડતા પ્રાદેશિક 'સરસ' મેળાનું, ગિરિમથક સાપુતારા ખાતે ડાંગના પ્રભારી મંત્રી- વ-ગ્રામ વિકાસ રાજ્યમંત્રીશ્રીકુંવરજીભાઈહળપતિના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું. સાપુતારાના પર્યટકોને 'સરસ' મેળામાંથી ખરીદીની વિપુલ તકો ઉપલબ્ધ થાય તે હેતુથી આયોજિત આ 'સરસ' મેળાના ઉદ્ઘાટન વેળા, રાજ્યનાપર્યટક મંત્રીશ્રી મુળુભાઈ બેરા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ડાંગનાધારાસભ્યશ્રીવિજયભાઈ પટેલ સહિત ભાજપા સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો, જન પ્રતિનિધિઓ વિગેરે પણ જોડાયા હતા. મહિલા સશક્તિકરણ ના ઉદ્દેશ સાથેઆયોજિત સાપુતારાના 'સરસ' મેળામાંરાજ્યભરના ૩૧ જિલ્લાઓના ૪૮જેટલાસ્ટોલ્સ ઉપરસહેલાણીઓને ખરીદીની વિપુલતકો ઉપલબ્ધથશે. આગામી તા. ૮ મી ઓગસ્ટ સુધી હોટલ શિલ્પીનીસામ્નેનામેદાનમાંઆયોજિત આ 'સરસ' મેળામાં આર્ટ એન્ડ ક્રાફ્ટ સ્ટોલ્સ સહિત લાઈવ ફૂડ સ્ટોલ એન્ડ ફન પણ ઉપલબ્ધ છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય-ભારત સરકાર અને ગ્રામવિકાસવિભાગ, ગુજરાત રાજ્યના ઉપક્રમે, તથા ગુજરાત લાઈવલિહુડ પ્રમોશન કંપની લી. દ્વારા આયોજિત આ 'સરસ' મેળો સવારના ૯ થી સાંજના ૯વાગ્યા સુધીપર્યટકો માટે ખુલ્લો રહેશે. 'સરસ' મેળાના ઉદ્ઘાટનમાં પધારેલાપર્યટન મંત્રી શ્રી મુળુભાઈ બેરા તથા ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ રાજ્ય અને કેન્દ્રની ડબલ એન્જિન સરકારના મહિલાઓના સ્વસહાય જૂથોનું જોડાણ, બેંક લીકેજ, સૂક્ષ્મ ધિરાણ, તાલીમ, અને આજીવિકા સાથે જોડાણ જેવી બાબતોથી સૌને માહિતગાર કર્યાહતા. ઉલ્લેખનીય છેકેગ્રામીણમહિલાઓનાસશક્તિકરણ માટે દીનદયાળ ઉપાધ્યાય-ગ્રામીણ કૌશલ્યયોજના,દીનદયાળઉપધ્યાય-ગ્રામીણ કૌશલ્ય યોજના, નેશનલ રૂરલ ઈકોનોમિક ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ, રૂરલ સેલ્ફ એમ્પ્લોયમેંટ ટ્રેનીંગઈન્સ્ટીટ્યૂટ, અનેસ્ટાર્ટ અપ વિલેજ આંત્રપ્રિન્યોરશીપ પ્રોગ્રામના સુભગ સમન્વયથી 'લોકલ ટુ ગ્લોબલ' નો માર્ગ કંડારવાની દિશામાં મહિલાઓને અગ્રેસર કરાઈ રહીછે. સાપુતારાના 'સરસ' મેળાના ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલ, જિલ્લા વિકાસઅધિકારીશ્રીઆર.એમ.ડામોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબિયાડ, ચીફ ઓફિસર શ્રી અર્જુનસિંહજી ચાવડા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી સહિતનાપ્રશાસનિકઅધિકારીઓએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા અદા કરીહતી.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ઈજનેરી વિભાગમાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા ભૂતપૂર્વવિદ્યાર્થીઓમાટે "પ્રયાગ ૨૦૨૩" કાર્યક્રમ

કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ ના નેતૃત્વમાં અને પ્રોવોસ્ટ શ્રી ડો.પ્રફુલકુમાર ઉદાણી ના માર્ગદર્શન હેઠળ સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ માં બી.ટેક અને બી.એસ.આઈ.ટીમાં પ્રથમ વર્ષ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે "પ્રયાગ ૨૦૨૩" કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય મહેમાન તરીકે કોલેજના બે સફળ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ને આમંત્રિત કરવામાં આવ્યા જેમાં કોલેજના મિકેનિકલ વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને અત્યારે નર્મદા જિલ્લામાં ગુજરાત સરકારના કર્મચારી તરીકે ફરજ બજાવતાઆર. ટી ઓ ઈન્સ્પેક્ટર વિષ્ણુ અસલ અને કમ્પ્યુટર વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વિસનગર ખાતે સમર્થ ગ્રુપમાં સોફ્ટવેર ડેવલોપર તરીકે ફરજ બજાવતા મિલન પટેલ ને બોલાવવામાં આવ્યા. આ કાર્યક્રમ માંવિષ્ણુ અસલદ્વારા વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં ખુબજ મુશ્કેલીઓ હોવા છતાંય અથાક મહેનત કરીને સિદ્ધિ હાંસલ કેવી રીતે કરી તે જણાવવામાં આવ્યું. કોઈપણ વિદ્યાર્થીના જીવનમાં એક ગુરુ નું મહત્વ વધારે છે તેના વિશે વાતકરવામાં આવી. એક સામાન્ય કુટુંબમાંથી આવેલો વિદ્યાર્થી જીવન માં ખુબજ મહેનત કરીને એક ધ્યેય સુધી પહોંચે છે. તેના પછી મિલન પટેલ દ્વારા જીવન માં જ્ઞાન કરતા પણ વધારે મહત્વ કૌશલ્ય નું છે તે વિદ્યાર્થીને સમજાવ્યું. આજના યુગ માં વિદ્યાર્થી એ માત્ર એકજ ફિલ્ડ નું જ્ઞાન નહીં પણ દરેક ફિલ્ડ માં પોતાનું કૌશલ્ય વિકસાવવું જોઈએ. આ બંને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના જીવન માં કોલેજ દ્વારા તેમણે ઘણુંય શીખવા મળ્યુંછે અને તેઓ જેપણ મુકામે છે તેનો સમગ્ર શ્રેય સંસ્થાનેઆપ્યો. કોલેજ દ્વારા વિદ્યાર્થીને કોલેજબેગ નું પણ વિતરણ કરવામાંઆવ્યું. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને પોતાના જીવન માં ઊંચા લક્ષ્યાંક કેવી રીતે મેળવી શકાય તેના વિશે પ્રેરણા આપવામાં આવી. કોલેજ માંઅધતન પ્રકારની લેબોરેટરી નો ઉપયોગ કરવા પણ જણાવ્યું. તેમના દ્વારા ખાસ વિદ્યાર્થીઓના નવા નવા વિચારો ઉપર કેવી રીતેકામ કરીશકાય તેના વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રોવોસ્ટશ્રી ડો.પ્રફુલકુમાર ઉદાણી સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને તેમના રસના વિષયો ઉપર કામ કરીને જીવન માં સફળ કેવી રીતે થવાય તેના વિશે વિદ્યાર્થીઓને પ્રેરણા આપવામાંઆવી. ટેકનિકલ ડાયરેક્ટર અને પ્રિન્સિપાલ શ્રી ડો. એચ. એન. શાહ દ્વારા વિદ્યાર્થીઓ ને ભવિષ્યની ટેકનોલોજી તથા કારકિર્દીની તકો વિષે માહિતગાર કરીતે સંબંધિકોલેજના અભ્યાસક્રમ દરમિયાન સમયનો સદુપયોગ કરી પોતાની જાતને તૈયાર કરવા આહવાન કર્યું હતું અને ડૉ. વિકાસ ભાવસાર દ્વારા આભારવિધિ કરવામાં આવી અને આ કાર્યક્રમ માં ૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને વધારે સંખ્યામાં વાલીઓ એ પણહાજરી આપી. સમગ્ર ઈજનેરી કોલેજના સ્ટાફ દ્વારા આ કાર્યક્રમ ને સફળ બનાવવામાં આવ્યો.

જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી "સરદાર વલ્લભભાઈ પટેલ આંતર કૉલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કાજ, ખમરોલીમાં તા. ૩૧-૦૭-૨૦૨૩ને સોમવારના રોજ ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી,રાણાસાહેબનામાર્ગદર્શન હેઠળ "સરદાર વલ્લભભાઈપટેલ આંતર કૉલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે વાઈલ્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના પ્રેસિડન્ટ આદરણીય શ્રી રોહિતભાઈ સુતરીયા અને વાઈલ્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના સભ્ય શ્રી આદરણીય મયુરભાઈ તળાવિયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યાહતા. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપૂર શાહે પ્રાર્થનાથી કરીહતી. ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી.રાણાસાહેબ દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયક શ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો-ઓર્ડીનેટર પ્રા. છાયાબેન નાયકે મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય અને પ્રા.ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયા દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ-ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી શાળાના ૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે "Is Global Warming an issue?" ના વિષય પર એસ.પી.બી.અંગ્રેજીમાધ્યમ કૉલેજ ઓફ કોમર્સની વિદ્યાર્થીની કુ. ઈશા કાપડીયા, દ્વિતીય ક્રમે "ભ્રષ્ટાચાર એ વ્યવહાર કે સ્વભાવ?" ના વિષય પર વીબી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટની વિદ્યાર્થીની કુ.હેનવીભલોડિયા અને ત્રીજા ક્રમે "Why Outdoor game is good?" ના વિષય પર જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થીશ્રી બિન્ધેશ્વર પાંડે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ આશાબેન પારેખ અને શ્રી સંજયભાઈ બોસમિયાહાજર રહ્યા હતા, સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભાર વિધિ પ્રા. કમલેશભાઈ સાવલિયાસાહેબ દ્વારા કરવામાં આવી હતી.

અંકલેશ્વર નગર શિક્ષણ સમિતિ સંચાલિત મોદીનગર શાળા ના નિર્માણ,પામનાર બિલ્ડીંગ નું ખાતમુહૂર્ત કરાયું

ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ના હસ્તે શાળા ઓની કામગીરીનું ખાતમુર્હુત કરાયુ

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર નગર શિક્ષણ સમિતિ સંચાલીત મોદીનગર ખાતે રૂ. ૬૫ લાખના ખર્ચે નવ નિર્માણ પામનાર શાળા ના બિલ્ડીંગ નું અંકલેશ્વર નાધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

રાજ્યની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને સારી સુવિધા મળી રહે એ હેતુથી સર્વશિક્ષા અભિયાન અંતર્ગત વિવિધ સરકારી શાળાઓને અપગ્રેડ કરવાનું અભિયાન ચાલીરહ્યુંછેજે અંતર્ગત અંકલેશ્વરનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ની મોદીનગર ખાતે શાળા ના નિર્માણ માટે રૂપિયા ૬૫ લાખની ફાળવણી કરવામાંઆવી છે.

આ નિર્માણ પામનાર શાળા ના બિલ્ડીંગ ની કામગીરી નું અંકલેશ્વર નાધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ વિનય વસાવા, શિક્ષણ સમિતિના ચેરમેન ગણેશ અગ્રવાલ, શહેર ભાજપ પ્રમખ નરેન્દ્ર પટેલ સહીત નગર પાલિકા ના સભ્યો તેમજ સ્થાનિક આગેવાનો અને શિક્ષણ સમિતિ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

નડિયાદની રૂડસેટ સંસ્થા દ્વારા ૩૦ દિવસની ફોટોગ્રાફી અને વિડિઓગ્રાફીનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ખેડા જિલ્લાના ૨૭ જેટલા ગ્રામ્ય વિસ્તારના બી.પી.એલ પરિવારના બેરોજગાર યુવકોએ સફળતા પૂર્વક તાલીમમાં ભાગ લીધો

૨૦૭૦૬ બેરોજગાર યુવક/યુવતીઓને વિવિધ કૌશલ્ય તાલીમ આપવામાં આવી જેમાંથી ૧૭૪૦૩ તાલીમાર્થીઓ પગભર થયા

કમલમ્ ન્યુઝ,

બેરોજગાર યુવાન-યુવતીઓને નિઃશુલ્કતાલીમ આપતી રૂડસેટ સંસ્થા, નડિયાદ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણઆજીવિકા મિશન અંતર્ગત જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, ખેડાના સહયોગથી ૩૦ દિવસની ફોટોગ્રાફી અને વિડિઓ ગ્રાફીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જેમાં ખેડા જિલ્લાના ૨૭ જેટલા ગ્રામ્ય વિસ્તારના બી.પી.એલ પરિવારના બેરોજગાર યુવકોએ સફળતા પૂર્વક તાલીમમાં ભાગ લીધો હતો. આ તાલીમના પૂર્ણાહુતિ પ્રસંગે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી સજેદાબેન સબાસરા અને રૂડસેટ સંસ્થાના નિયામકશ્રી એલ.આર. ભરલાએ ઉપસ્થિત રહ્યા હતા. અને તાલીમાર્થીઓને મુખ્ય મહેમાનના હસ્તે સર્ટિફિકેટ અનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના નિયામક શ્રીએલ.આર. ભરલાએ તાલીમાર્થીઓને તાલીમનો સદુપયોગ કરી સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી પોતે સ્વનિર્ભર થવા પ્રોત્સાહિત કર્યા હતા. નિયામકશ્રીએ જણાવ્યું હતુંકે સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૨૦૭૦૬ બેરોજગાર યુવક/યુવતીઓને વિવિધ કૌશલ્ય તાલીમ જે વીડિયો મોબાઇલ રિપેરિંગ, એ.સી. ફ્રિજ રિપેરિંગ, ઇલેક્ટ્રિશીયન વાયરિંગ, સીવણકામ, બ્યુટી પાર્લર, વગેરે તાલીમ આપવામાં આવી છે. જેમાંથી ૧૭૪૦૩ તાલીમાર્થીઓ વ્યવસાય ચાલુ કરી પગભર થયા છે.

સરહદી વાવ તાલુકાના વાવડી પ્રાથમિક શાળામાં CRC કક્ષાનો કલા મહોત્સવ યોજાયો

મોરીખા ક્લસ્ટરની ૮ શાળાઓના શાળા કક્ષાએ પ્રથમ આવેલ ૫૫ સ્પર્ધકોએ ગાયન, વાદન, ચિત્ર, વાર્તા અને કાવ્ય સર્જન સ્પર્ધામાં ભાગ લીધો

કમલમ્ ન્યુઝ,બનાસકાંઠા જિલ્લાના સરહદી વાવ તાલુકાના વાવડી પ્રાથમિક શાળામાં મોરીખા ક્લસ્ટર ક્ક્ષાનો કલા મહોત્સવ યોજાયોહતો. 'બાળકોની કલાપ્રત્યે રસ-રુચી વધે અને તેમની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ ઉજાગર થાય તથા કલાને બળ મળે' તેવા ઉદેશ્ય થી રાજય સરકારશ્રી દ્વારા કલા મહોત્સવનું આયોજન કરવામાં આવેછે. યોજાયેલ કલા મહોત્સવમાં મોરીખા ક્લસ્ટરની ૮ શાળાઓના શાળા કક્ષાએ પ્રથમ આવેલ ૫૫ સ્પર્ધકોએ ગાયન, વાદન, ચિત્ર, વાર્તા અને કાવ્ય સર્જન સ્પર્ધામાં ભાગલીધો હતો યજમાન શાળાએ કલા સંબંધી કા.પા કાર્ય, બુલેટિન બોર્ડ,પુસ્તકો, વક્તવ્ય, કળા સંલગ્ન પ્રવૃત્તિઓનું પ્રદર્શન કર્યું હતું. કળા મહોત્સવની પ્રવૃત્તિઓ નિર્ણાયકો અને માર્ગદર્શકોના દેખરેખ હેઠળ અલગ અલગ ખંડમાં યોજાઈ હતી તથા બાળ કલાકારોને જાેઈતી સામગ્રી ઉપલબ્ધ કરાઈ હતી. સૌ બાળકોએ હોશભેર ભાગ લઈ પોતપોતાની કલા પ્રદર્શિત કરીહતી. વાદનમાં સ્થાનિક ઢોલી, ચિત્રમાં ફોટોગ્રાફર નરેશભાઈ રાજપુત, વાદનમાં તબલચી રતનભાઈ, ગીત સંગીતમાં રાયમલ નાઈ જેવા સ્થાનિક કલાકારો અને કલા તજજ્ઞોને આમંત્રિત કરી બાળકોને કલા અને કલાકારોથી રૂબરૂ કરાવવામાં આવ્યા હતા. કલા મહોત્સવમાં ઉપસ્થિત રહેલા સૌને સમક્ષ ના અધ્યક્ષશ્રી વિક્રમભાઈ પટેલે ભાવતું ભોજન આપ્યું હતું. દિવસ દરમિયાનના સમગ્ર કાર્યક્રમ નું ફલશ્રુતિસંયોજન CRC બળદેવભાઈ ગામોટે કર્યું હતું. બપોર બાદની સમાપન સભામાં નિર્ણાયક કોના તટસ્થનિર્ણયો દ્વારાવિજેતા ક્રમાંક ઘોષિત કરાયા અને વિજેતાઓને પુરસ્કૃતકરાયા હતા. કલા જાગૃતિ નો હેતુ બર આવે એવી રીતનું પદ્ધતિસરનું બાળકેન્દ્રી આયોજન થયું હતું. યજમાન શાળા વતી ઈશ્વર ચૌહાણે પુનઃ આવી જ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનુ આયોજન સાથે મળવાની વાત મૂકી આમંત્રિત સૌનો આભાર પ્રગટ કર્યો હતો.

સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચા દ્વારા મિલેટ્સની વાનગી હરીફાઈ, મિલેટ્સ ધાન્ય પ્રદર્શન અને ખેડૂતોનું સન્માન નો પ્રોગ્રામ કરવામાં આવ્યો

કમલમ્ન્યુઝ,ઈડરબાલમેમણ

તા.૩૧/ ૭/૨૦૨૩ ના રોજ આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ નિમિત્તે સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચા દ્વારા મિલેટસની વાનગી હરીફાઈ, મિલેટ્સ ધાન્ય પ્રદર્શન અને ખેડૂતોનું સન્માન નો પ્રોગ્રામ કરવામાં આવ્યો.

જેમાં જિલ્લા અધ્યક્ષા જે.ડી.પટેલ સાહેબ, પ્રદેશ ઉપાધ્યક્ષા કુ. કૌશલ્યા કુંવરબા, પ્રદેશ પ્રભારી ગજેન્દ્ર ભાઈ સકસેના, જીલ્લા મહિલા મોરચા ના પ્રદેશ પ્રભારી ડો. સુશીલાબેન પટેલ,જિલ્લા અધ્યક્ષ નીલાબેન પટેલ, હિંમતનગર ધારાસભ્ય વી.ડી.ઝાલા સાહેબ, ઈડર ધારાસભ્ય રમણલાલ વોરા સાહેબ,જિલ્લા સંગઠન મહામંત્રી વિજયભાઈ પંડ્યા,જિલ્લા મહિલા મોરચા પ્રભારી પ્રજ્ઞાબેન પટેલ, પ્રદેશ કારોબારી સભ્ય પારૂલબેન શુકલ, હિંમતનગર શહેર નગરપાલિકા પ્રમુખ યતિનભેન મોદી અને મિલેટ્સ ના વક્તા તરીકે (સૃષ્ટિ ઈનોવેશન) ના રમેશભાઈ પટેલ તથા જિલ્લા મિલેટ્સ ના ઈન્ચાર્જ જીનલબેન પટેલ અને ચેતનભાઈ પટેલ, મીનાબેન ગઢવી ઈનચાર્જ હાજર રહ્યા. જિલ્લા મહિલા મોરચાના મહામંત્રી શ્રીઓ કાજલ બેન દોશી અને લીનાબેન વ્યાસ અને જિલ્લા મહિલા મોરચા ઉપપ્રમુખ નિર્મલાબેન પંચાલ એ પ્રોગ્રામ નું સંચાલન કર્યું અને હિંમતનગર શહેરના પ્રમુખ અરૂણાબેન કટિયા, મહામંત્રી અર્ચનાબેન ભટ્ટ, તાલુકાના પ્રમુખ ભાવનાબેન પંડ્યા તથા જિલ્લાના કારોબારી સભ્યો મંડળ મોરચાની પ્રમુખ મહામંત્રી અને તેમની કારોબારી બહેનો, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તથા નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો અને મોટી સંખ્યામાં ખેડૂત મહિલા ખેડૂતો જોડાયા જેમાં મિલેટ્સ ધાન્ય પકવતા ખેડૂત મહિલાઓને સન્માન પત્ર આપવામા આવ્યા. તે અંગેની જાગૃતિ અને મિલેટ્સનું ઘરે ઘરે ઉપયોગ થાય અને તેનાથી થતા ફાયદા અને સ્વસ્થ આરોગ્ય માટે રમેશભાઈ પટેલ,જીનલબેન પટેલ ,ધારાસભ્ય રમણભાઈ વોરા સાહેબ, પ્રદેશપ્રભારી સુશીલાબેન પટેલે અને જે.ડી પટેલ સાહેબે ખૂબ જ સુંદર મંતવ્ય અને માર્ગદર્શન આપ્યું અને આ પ્રોગ્રામ ખૂબ જ સફળ રહ્યો.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ભારતે વિકાસના અનેક સોપાનો સર કર્યા છે

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની અનેક યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચી છે જેના થકી લોકો આત્મનિર્ભર બન્યાં છે

ગામે-ગામ સચિવાલય જેવી જ ગ્રામપંચાયતોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે : જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વીરાણી

રાણપુર તાલુકા પંચાયત કચેરી હસ્તકના અંદાજે રૂ.૮૫ લાખના કામોનું લોકાર્પણ તથા રૂ.૧૩૭ લાખના કામોના વર્ક ઓર્ડર વિતરણનો કાર્યક્રમ સંપન્ન

કમલમ્ ન્યુઝ,બોટાદ

જિલ્લાપંચાયતના પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વીરાણીના અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુદ્રાણીયાની પ્રેરક ઉપસ્થિતિમાંમીઠી કો નમન, વિરો કો વંદન થીમ અંતર્ગત રાણપુરની શ્રી મનુભાઈ એ.શેઠ સ્કૂલ ખાતે રાણપુર તાલુકા પંચાયત કચેરી હસ્તકનાં અંદાજે રૂ.૮૫ લાખના વિવિધવિકાસલક્ષી કામોનું લોકાર્પણ તથા રૂ.૧૩૭ લાખના કામોના વર્ક ઓર્ડર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.જિલ્લા પંચાયતનાપ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વીરાણીએ રાણપુર ખાતે લોકાર્પણ તથા વર્ક ઓર્ડર વિતરણ સમારોહમાં જણાવ્યું હતું,કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત દેશે આજે વૈશ્વિક ઓળખ મેળવીને વિકાસના અનેક સોપાનો સર કર્યા છે ત્યારે રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નક્કર, પારદર્શક, પ્રગતિશીલ અને સંવેદનશીલ નિર્ણયો થકી ગુજરાત આજે વિકાસની કેડી પર દરરોજ કૂચ ભરી રહ્યું છે. વધુમાંતેમણે ઉમેર્યુંહતું કે, કેન્દ્ર સરકાર અનેરાજ્ય સરકારની અનેક યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચી છે જેના થકી લોકો આત્મનિર્ભર બન્યાંછે. ઘર આંગણે જ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે અદ્યતન પ્રકારની શાળાઓ, આંગણ વાડીઓ બનાવવાની સાથે એક જ સ્થળેથી તમામ પ્રકારની સેવાઓ લોકોને મળી રહે તે માટે સચિવાલય જેવી જ ગ્રામપંચાયતોનુનિર્માણ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું. ગુજરાત નિરામય બને, શ્રેષ્ઠ સાર્વજનની સુવિધાઓ નાગરિકોને મળેઅને તેઓનિરોગી બને તે માટે ગુજરાત પ્રતિબધ્ધ હોવાની સાથે સરકારશ્રીની તમામ પ્રકારની યોજનાઓનો લાભ લેવા શ્રી વીરાણીએ લોકોને હિમાયત કરી હતી. રાણપુર તાલુકામાં વિવિધ વિકાસકાર્યો થકી લોકોની જન સુખાકારીમાં વધારો થશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યોહતો આ પ્રસંગે જિલ્લાપંચાયતના પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વીરાણીના હસ્તે ૧૫મા નાણાપંચ (જિલ્લા કક્ષા) વર્ષની ગ્રાન્ટમાંથી રૂા.૮૫ લાખના ખર્ચેરાણપુર તાલુકાના ૭ ગામોમાં ટ્રેક્ટર ટ્રોલીનું લોકાપણ કરવાની સાથે રાણપુર તાલુકાની તમામ (૪૨) શાળામાં ૧૫મા નાણાપંચ (તાલુકા કક્ષા)ની ગ્રાન્ટમાંથી રૂા.૮.૪૦ લાખની સ્પોર્ટસ કિટસનું વિતરણ, રાણપુરના તમામ ગામોના ક.ઝ.ઈ. ને રૂા.૬.૪૦ લાખની રકમ ગ્રાહક વેન તરીકે ૧૫મા નાણાપંચ (ગ્રામ્ય કક્ષા) અંતર્ગત યુવકોનું, મનરેગા યોજના અંતર્ગત રૂા.૧૩ લાખના ખર્ચે બનનાર નવીન ગામપંચાયતના વર્ક ઓર્ડર, મનરેગા યોજના અંતર્ગત રૂ?.૧૨૦ લાખના ખર્ચે બનનાર નવીન-૧૨ આંગણવાડીના વર્ક ઓર્ડર, પ્રધાનમંત્રીઆવાસ યોજના (P.M.A.Y.) વર્ષ-૨૦૨૨/૨૩ના આવાસના વર્ક ઓર્ડર, ૧૬ સખીમંડળોને (S.H.G.)ને રૂા.૪.૮૦ લાખનું રીવોલ્વીંગ ફંડ તથા૩૩-વીલેજ ઓર્ગેનાઈઝેશનને રૂા.૪૦ લાખનું કમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ (C.I.F.) નું ચુકવણું કરવાની સાથે રૂા.૮૫ લાખના કામોનું લોકાપણ તથા રૂા.૧૩૭ લાખના કામોના વર્ક ઓર્ડર લાભાર્થીઓને વિતરણ કરવામાંઆવ્યું હતું. રાણપુર તાલુકામાંશ્રેષ્ઠ કામગીરી કરનાર તલાટી કમ મંત્રીશ્રી બી. એસ. સોડાવાલા, શ્રી ડી.બી. મકવાણા, શ્રી એસ.કે. નત્રા અને શ્રી એમ. ડી. ધરજીયાને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે મીઠી કો નમન, વિરો કોવંદન અભિયાનને અનુલક્ષીને રાણપુર તાલુકાના ૩૪ ગામોના તલાટીઓએ એકત્ર કરેલા વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

'મીઠી કો નમન, વિરો કો વંદન' અભિયાન અન્વયે રાણપુર તાલુકાના ૩૪ ગામોના તલાટીઓએ એકત્ર કરેલા માટીના કુંડામા મહાનુભાવોએ વડનો છોડ રોપ્યો

માટીના કુંડામા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વડના છોડને રોપ્યો હતો. રાણપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી વિનોદ ભાઈ સોલંકીએ શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપીહતી.અંતમાંતાલુકા વિકાસ અધિકારીશ્રી મકવાણાએ આભાર દર્શન કર્યું હતું. આ કાર્યક્રમમાં કારોબારી સમિતિના ચેરમેનશ્રી સુરેન્દ્રસિંહ પરમાર સહિત જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, રાણપુર તાલુકાના સરપંચશ્રીઓ, આચાર્યશ્રીઓ, વીસીઈઓ સહિત

દુઃખના ત્રણ કારણ ફેશન, વ્યસન અને અનુકરણ

કમલમ્ ન્યુઝ,અમદાવાદ,

ફેશન, વ્યસન અને અનુકરણના કારણે આજે લોકોના ટેન્શન વધી રહ્યા છે. સતત ટેન્શનમાં જીવનારા લોકો અકાળે વૃદ્ધત્વને પામે છે. સતત ટેન્શનમાં જીવનારા ધર્મપણ કરીશકતા નથી. ફેશન, વ્યસન અને અનુકરણમાં કેટલા બધા ફાલતુ ખર્ચ વધી ગયા અને પછી પૈસા મળવવા ગમે તેવા કાર્યો (પાપો) જીવ કરતાતેયાર થઈ જાય છે.

ફેશન :- ઘરનીસજાવટ તો લેટેસ્ટ ફેશનની, કપડા ફેશનેબલ, હેર ટ્રેસિંગ તો અલ્ટ્રા મોર્ડન, જૂતા ફેશનેબલ, હેન્ડબેગ્સફેશનેબલ જાણે કે ફેશનનો રાફડોન ફાટ્યો હોય.

જ્યાં જુઓ, જેમાં જુઓ, ફેશનના ભપકા, ફેશનની રામયણ, ક્રરણ, દુનિયાનું આંધળું અનુકરણ, પશ્ચિમના ફેશનનું અનુકરણ, ફિલ્મના એક્ટ્રેસ-એક્ટરનું અનુકરણ, આવા આંધળા અનુકરણ કરનારા જીવો પ્રાયઃ સુખનો અનુભવ કરીશકતા નથી.

વ્યસનઃ- આ માત્ર સાડા ત્રણ અક્ષરોમાંએટલી શક્તિછે કે, માણસના સાડા ત્રણ કરોડ રુઆટામાં એની તલપ, આગ લગાવી દે. જે પણ એના પાશવી પંજામાં સપડાયા એના હિર અને જિંદગીનું નૂર સોસાયુ ચૂસાઈ જાય છે. રહી જાય જીવતું હાડપિંજર. વ્યસનપ્રારંભ શોખથીકે, કુતુહલથી કે, દેખાદેખીથી, તમાકુ-સિગરેટ થી થાય અને જેનો અંત કલ્પી પણ ન શકાય ત્યાં સુધી લઈ જાય છે. જે અંતે માણસને બરબાદીના ખપ્પરમાં હોમીદે છે.

માટે ફેશન અને વ્યસન મુક્ત બનીએ જેથી આવતીકાલનો સુર્યોદય એવી શક્તિ લઈને આવશે કે આપણું જીવન-યૌવન રાષ્ટ્રીય કવિ શ્રી મેઘાણીની કલ્પનાનું પ્રતિબિંબ પાડશે કે, "ઘટમાં ઘોડા થનગને, ને અમમ વીજે પાંખુ, અણદીઠી એ ભોમ પર યૌવન માંડે આંખ".

માહિતી ખાતામાં ૩૩ વર્ષ સેવા આપ્યા બાદ કેમેરામેન શ્રી પ્રવિણભાઈ સોરઠીયા વયનિવૃત્ત

નાયબ માહિતી નિયામક શ્રી જિગર ખુંટતથા સમાચાર શાખાના કર્મીઓ દ્વારા અપાયું ભાવભર્યું વિદાયમાન

નિવૃત્ત બાદનું જીવન નિરોગીમય અને પરિવારમાં સુખમય રીતે સમય પસાર કરે તેવી શુભેચ્છા આપતા સંયુક્ત માહિતી નિયામક શ્રી હિરેન ભટ્ટ

કમલમ્ ન્યુઝ,

માહિતી ખાતામાં ૩૩ વર્ષની લાંબી સેવા બાદ કેમેરામેન શ્રી પ્રવિણભાઈ સોરઠીયા ગાંધીનગર ખાતેથી આજે વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા ભાવભરી વિદાયઆપવામાં આવી હતી. માન. રાજ્યપાલ શ્રીના પ્રેસ સચિવ અને સંયુક્ત માહિતી નિયામક શ્રી હિરેનભાઈ ભટ્ટે નિવૃત્ત થતા પ્રવિણભાઈને શુભેચ્છાઓ પાઠવીને તેમના સંસ્મરણો તાજા કર્યા હતા અને એમનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભકામનાઓ આપી હતી. માહિતી ખાતાની સુમાચાર શાખાના નાયબ માહિતી નિયામક શ્રી જિગર ખુંટે પ્રવિણભાઈને શુભેચ્છા પાઠવતાકહ્યું કે, સરકારી સેવામાંથી નિવૃત્ત થવુંએક ફરજનો ભાગ છે. ખાતામાં અનુભવી માણસો વયનિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે શ્રીપ્રવિણભાઈની સેવાઓની માહિતી પરિવારને ચોક્કસ ખોટ પડશે. તેમણે ઉમેર્યું હતું કે, માહિતી ખાતામાં ૩૩ વર્ષની સુધી સેવા આપનારા શ્રી પ્રવીણભાઈ સોરઠીયા કર્મઠ અને ફરજપરસ્ત કર્મચારી છે. તેઓએ તેમનો મોટા ભાગના સેવાકાળ દરમ્યાન મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયે પોતાની ફરજ અદાકરીછે.આળખુંજીવન તેમનું પરિવાર સાથે સુખમય અને નિરોગીનિવડે તેવીશુભેચ્છા આપી નિવૃત્ત થઈ રહેલા શ્રી પ્રવિણભાઈ સોરઠીયાએ તેમના પ્રતિભાવોઆપતા જણાવ્યું હતું કે, સરકારીસેવાની આસુદીર્ઘ સફરમાં માહિતી ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા મળેલ માર્ગદર્શન અને સહયોગના પરિણામેહું આજે આટલો સફળ થઈ શક્યો છું. તેમના આસકરમાં સાથ આપનાર તમામ અધિકારીઓ અને કર્મચારીઓ તથા તેમના પરિવારજનોનો પણઆભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે માહિતી નિયામક કચેરી ગાંધીનગરની સમાચાર શાખાના કર્મચારીઓએ પણ નિવૃત્ત થતા શ્રી પ્રવિણભાઈ સોરઠીયાનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભેચ્છાઓ પાઠવીહતી.

બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી અને RIS ન્યુ દિલ્હીના સંયુક્ત ઉપક્રમે ૨૦ અંતર્ગત "એન્ગેજિંગ યુથ માઇન્ડ" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું

કમલમ્ ન્યુઝ,

બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી, રાજપીપલા સંચાલિત સ્કૂલ ઓફ આર્ટ્સ, સ્કૂલ ઓફ કોમર્સ અને સ્કૂલ ઓફ સાયન્સમાં ટ્રાઇબલ યુનિવર્સિટી અને RIS ન્યુ દિલ્હીના સંયુક્ત ઉપક્રમે G20 અંતર્ગત "એન્ગેજિંગયુથ માઇન્ડ" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં મુખ્ય વક્તાશ્રી મનિષ ચંદ G20 અંગે વિદ્યાર્થીઓને તેમની આગવી શૈલીમાં માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. મધુકર એસ. પાંડવી, રજીસ્ટ્રારશ્રી ડો. વિજયસિંહ વાળા, રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર ડેવલોપીંગ કન્ટ્રી (RIS)ના કોઓર્ડિનેટર શ્રી અર્પિત બર્મન તથાકોલેજ કેમ્પસ કોઓર્ડિનેટરશ્રી ડો. પ્રકાશચન્દ્ર જોષી, બિન શૈક્ષણિક સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિતરહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન G20 નાયુનિવર્સિટીના નોડલ શ્રી ડો. પવલ પટેલે કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028